## વડીલોને વંદન
## અભિનંદન



મધુબાલા જયરામદાસ સોની
(૧૯૫૫)ફોન : ૨૩૨૪૪૩૭૩



શૈલેષકુમાર શંકરલાલ પંડ્યા
(૧૯૪૪)ફોન: ૨૩૨૨૧૭૯૦

## સિવિલ ડીફેન્સ આજે સિવિલ કમ્પાઉન્ડમાં સફાઈ કરશે

ગાંધીનગર, તા. ૪

સિવિલ ડીફેન્સ ગાંધીનગર દ્વારા નાગરિક સંરક્ષણ દિનની ઉજવણીરૂપે સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવશે. છઠ્ઠી ડિસેમ્બરને નાગરિક સંરક્ષણ દિવસ તરીકે મનાવવામાં આવે છે. ત્યારે આજરોજ શુક્રવાર સવારે ૭.૩૦ કલાકે સિવિલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે સંરક્ષણ દળ સફાઈ કરશે. ત્યાર બાદ નાગરિક સંરક્ષણ દળના જવાનોનું બ્લડ ટેસ્ટ કરવામાં આવશે અને રક્તદાન એ જ મહાદાન સમજાવવામાં આવશે. આ કાર્યક્રમમાં એમ.ડી. મોડિયા, અરૂણ બુચ, દિક્ષિત પટેલ સહિતના પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.

## ડૉ. આંબેડકર સાહેબને અનુજા એકતા મંચ દ્વારા શ્રદ્ધાંજલિ અપાશે

ગાંધીનગર, તા.૪

ભારતના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના ૫૮મા પરિનિર્માણ દવસે તા. ૬ ઠ્ઠી ડિસેમ્બરના રોજ સવારે નવ વાગે ડૉ. આંબેડકરની પ્રતિમાને પુષ્પાંજલિ અપાશે. સાંજે ૬-૦૦ કલાકે દરેક સેકટર તથા ઘરે ઘરે મીણબત્તીની જ્યોત જલાવી અનોખી રીતે અંજલિ આપવામાં આવશે તેમ બહુજન સમુદાય ને એકતા મંચના કન્વીનર સોમ વાઘેલાએ જણાવ્યું છે.



ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં વાહન પાર્કિંગની સમસ્યા દિવસે દિવસે વધી રહી છે. પાર્કિંગ માટે ચાર્જ વસુલવામાં આવે છે જે બધાને પોસાય તેમ નથી. પાર્કિંગની જગ્યા જેમણે ભાડે રાખી છે તે એજન્સી પૂરતાં વાહનો પાર્ક ન થતા તેમજ સ્ટાફ, પોલિસ, વગેરેના વાહનો નિઃશુલ્ક પાર્ક કરાવતા હોવાથી મળતર નથી તેવી ફરીયાદ છે. ટૂંકમાં સીવીલ ગાંધીનગર આ વિશે વચલો ઉપાય શોધે તો સારું બાકી તો રામ... રામ...! (તસવીર : કશ્યપ નિમાવત)

## બાબા સાહેબના નિર્વાણદિને અંજલિ આપશે

ગાંધીનગર, તા. ૪

દેશના બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરના નિર્વાણ દિન તા. ૬ઠ્ઠી ડિસેમ્બરે પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવશે. નગરની ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ મહોત્સવ સમિતિ અને બામસેફ યુનિટ સવારે ૮.૩૦ કલાકે પ્રેરણાભૂમિ ખાતે પુષ્પાંજલિ અર્પણ કરશે. તેમજ જન્મ જયંતિ સમિતિ દ્વારા સાંજે ૫.૩૦ વાગે બાબા સાહેબની પ્રતિમા પાસે ૫૮ મીણબત્તી પ્રજવલિત કરી શોકાંજલિ અર્પણ કરશે. આ પ્રસંગે જન્મજયંતિ સમિતિ અને બામસેફ યુનિટના સર્વેસભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.



(તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર)

સાબરકાંઠા જિલ્લાના અરવલ્લી ગિરીમાળાઓમાં પથરાયેલા વિજય નગર તાલુકામાં સ્થિત આતરસુંબા આશ્રમ ખાતે ત્રિદિવસીય લોકમેળાનો આરંભ થઈ ગયો છે. જેમાં મોટી સંખ્યામાં સહેલાણીઓ મેળાની મોજ માણવા ઉમટી રહ્યા છે. સાબરકાંઠાના વિજયનગરમાં આવેલ આશ્રમમાં વર્ષોથી યોજાતો આ લોકમેળો સ્થાનિક જરુરિયાતમંદ પ્રજા માટે સસ્તા ભાવે ખરીદ વેચાણનું સ્થળ બની ગયો છે જ્યાં દેશભરમાં અંદાજે ૭૦૦થી વધારે નાના મોટા વેપારીઓ પોતાની ઉત્પાદનની ચીજ વસ્તુઓ લઈ વેચાણ અર્થે આવે છે.





પ્રાંતિજમાં એચ.ડી.એફ.સી. બેંક અને જાયન્ટ્સ ગૃપ ઓફ પ્રાંતિજના સહયોગથી આજે રક્તદાન શિબિર યોજાઈ હતી. પ્રાંતિજમાં આયોજીત આ રક્તદાન શિબિરમાં ૪૦ રક્તદાતાઓ રક્તદાન કરી માનવ સેવાની ઉમદા કામગીરી કરી હતી. આ રક્તદાન શિબિરનું સફળ સંચાલન ડૉ. તેજસ વ્યાસ, ડૉ. ડેરિયા, વજેશ મહારાજ વગેરે દ્વારા કરવામાં આવ્યું હતું. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

## વી ઈલેવન પરિવારનું સ્નેહમિલન યોજાશે

વી ઈલેવન પરિવાર ગાંધીનગરનું સ્નેહમિલન સમારોહ અને તેજસ્વી વિદ્યાર્થીઓનો પુરસ્કાર વિતરણ સમારોહ આગામી તા. ૭ ડીસેમ્બર રવિવાર બપોરે ૩-૦૦ વાગે સેકટર-૩-ડી સ્થિત રામજી મંદિર ચોકમાં યોજાશે. સ્નેહમિલન સમારોહમાં તમામ સભ્યોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

## નિકી હોસ્પિટલમાં ૨૯મો નિદાન કેમ્પ રવિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૪

નિકી હોસ્પિટલ સેકટર-૨૯ તરફથી તા. ૭મી ડિસેમ્બરના રોજ ૨૯મો મફત નિદાન કેમ્પ યોજવામાં આવેલ છે. જેમાં હાડકામાં કેલ્શિયમની તપાસ, હેમોગ્લોબીન ચેકઅપ, વજન વધારાની સમસ્યા, ડાયાબીટીશ, ખરતા વાળની સમસ્યાનું નિદાન કરવામાં આવશે. આ ઉપરાંત કેન્સરના દર્દીઓના લાભાર્થે રક્તદાન શિબિર યોજાશે. આ નિદાન કેમ્પ નિઃશુલ્ક છે. સાથે ફ્રી ડેન્ટલ ચેક અપ પણ થઈ શકશે.

# લ્યો બોલો... સેક્ટર-૭-ડીમાં તંત્રને પશુપાલકનું દબાણ દેખાતુ નથી અને રહિશો ફફડે છે

### સે. ૭, ૮ ના બસ સ્ટોપથી ચ-૩ વચ્ચે ખુલ્લી જગ્યામાં પશુપાલકનો અડીંગો : રહિશો ખુલ્લા ફરતા પશુઓથી ઘરની બહાર પણ નિકળતા નથી

ગાંધીનગર, તા. ૪

શહેરમાં વાઈબ્રન્ટ સમિટને પગલે નગરને નવોઢાની જેમ શણગારવામાં આવી રહ્યું છે. ઠેર ઠેર ગંદકી અને દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. સેકટર-૭, ૮ બસ સ્ટોપથી ચ-૩ વચ્ચે પશુપાલકો દ્વારા ઢોર સાથે કરવામાં આવેલ દબાણ તંત્રની નજરે પડતુ નથી. આ વિસ્તારમાં રહેતા રહિશો ઢોરો દ્વારા થતી ગંદકીથી પારાવાર હાલાકી ભોગવી રહ્યા છે.

આમ તો ગાંધીનગર રાજ્યનું પાટનગર છે. સરકારનું રાજ ચાલે છે. પરંતુ કેટલાક વિસ્તારોમાં સરકારનું નહિ પરંતુ પશુપાલકોનું રાજ ચાલતુ હોય તેવું લાગી રહ્યું છે. શહેરના સેકટર-૭-ડી માં વસતા રહિશો પશુપાલકોથી પરેશાન થઈ ગયા છે. શહેરમાં ઢોર-ઢાંખર દેખાય તો દંડ કરવાની સત્તા કોર્પોરેશન પાસે છે. પરંતુ સત્તા કાગળ ઉપર હોય તેવુ જણાઈ રહ્યું છે.

સેકટર-૭-ડીના રહિશોએ જણાવ્યું છે કે સેકટર-૭, ૮ બસ સ્ટેન્ડથી ચ-૩ સર્કલની વચ્ચે રોડની અંદરની સાઈડ પશુપાલક દ્વારા ખુલ્લી જગ્યામાં પોતાના પશુઓ અને કુટુંબ કબીલા સાથે વસવાટ કરવામાં આવી રહ્યો છે. અને જગ્યામાં અડ્ડો જમાવી બેઠો છે.

ગાંધીનગરમાં સ્વચ્છ ભારત અભિયાન હેઠળ ખુલ્લી જગ્યાઓથી દબાણો દૂર કરવામાં આવી રહ્યા છે. વાઈબ્રન્ટ સમિટને પગલે લારી-ગલ્લા દૂર કરવામાં આવી રહ્યા છે. રોજ કમાઈને રોજ ખાતા નાના વેપારીઓને તગેડી મુકવામાં આવી રહ્યા છે. ત્યારે અહિંયા કેમ તંત્ર ત્રાટકતુ નથી તે એક સવાલ છે.

વધુમાં રહિશોએ જણાવ્યુ કે અમારા બાળકો પશુઓના ડરથી ઘરની બહાર નિકળતા નથી. છુટ્ટા પશુઓ જીવ લઈ લે તે બિકથી વૃદ્ધો પણ સમય જોઈને બહાર નિકળે છે. ઘણી વખત પશુપાલકો સાથે બોલાચાલી થાય છે. ત્યારે આ વ્યક્તિ ખુલ્લી દાદાગીરી કરી સામે થઈ જાય છે.

શહેરમાં પશુઓ રાખવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. છતાયે આખા પાટનગરમાં ખુલ્લેઆમ પશુઓ ફરી રહ્યા છે. ક્યાંક સરકારી બાગ-બગીચાઓને નુકશાન પણ પહોંચાડી રહ્યા છે. ત્યારે સેકટર-૭-ડીના રહીશો આશ લગાવી બેઠા છે કે તંત્ર મદદ કરશે...

# વડાગામમાં જ્વેલર્સની દુકાનમાં દોઢ લાખના દાગીનાની ચોરી

### વડાગામમાં તસ્કરો બેફામ : પોલીસ નિષ્ક્રિય : પ્રજાજનોમાં ઉગ્ર રોષ

વડાગામ, તા. ૪

ધનસુરા નજીકના વડાગામ સ્ટેશન વિસ્તારમાં આવેલ એક જ્વેલર્સની દુકાનને ગતરોજ મોડી રાત્રે તસ્કરોએ નિશાન બનાવ્યું હતું અને દુકાનના તાળા તોડી અંદર પ્રવેશ કરી અંદાજે દોઢ લાખથી વધુની મત્તાની ચોરી કરી પલાયન થઈ ગયા હતા. ચોરીની ઘટનાને પગલે સમગ્ર વડાગામમાં ભારે





ચકચાર મચી જવા પામી હતી. આ સંદર્ભે પોલીસે ગુનો નોંધી તસ્કરોની શોધખોળ શરૂ કરી છે.

ધનસુરા નજીકના વડાગામ વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી વાહનચોરી, ઘરફોડ ચોરી, મારામારી, લૂંટ સહિતના અનેક ગંભીર ગુનાઓનો ગ્રાફ સતત ઉપર આવી રહ્યો છે. તો બીજી બાજુ પોલીસ પેટ્રોલિંગ અને પોલીસની કામગીરી સામે પ્રજાજનોમાં અનેક પ્રશ્નાર્થ ઉભા થવા પામ્યા છે. પોલીસતંત્ર જરૂરી પેટ્રોલીંગના નામે આટાફેરા કરી તસ્કરોને છાવરી રહ્યા હોવાના પણ આક્ષેપો થઈ રહ્યા છે. ત્યારે પોલીસતંત્રની નિષ્ક્રિયતાનો વધુ એક ચોરીનો મામલો પ્રકાશમાં આવ્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર વડાગામ ખાતે રહેતા શાંતિલાલ ચેલારામ સોની વડાગામના જ મુખ્ય બજારમાં હનુમાન મંદિર પાસે ગૌરી જ્વેલર્સ નામની સોના-ચાંદીની દુકાન ધરાવે છે. દરમિયાન ગજરોજ શાંતિલાલ દરરોજની જેમ દુકાન બંધ કરી પોતાના ઘરે ગયા હતા. રાત્રી દરમિયાન કેટલાક ઘરફોટ તસ્કરોએ ઠંડી અને અંધારાનો લાભ લઈ બંધ દુકાનને નિશાન બનાવી તેના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. બાદમાં દુકાનમાંથી અંદાજે ૧.૫૦ લાખ સોના-ચાંદીના દાગીના લઈ ફરાર થઈ ગયા હતા. વહેલી સવારે સ્થાનિક રહિશને ચોરી અંગે જાણ થતા તેને તુરંત દુકાનના માલિકને ફોન કરી જાણ કરી હતી. આથી દુકાનદાર દુકાને દોડી આવ્યા હતા. થોડીવાર પોલીસ પણ ઘટનાસ્થળે દોડી આવી તપાસ હાથ ધરી હતી. ધનસુરા પોલીસે આ મામલે ગુનો નોંધી તસ્કરોને શોધવા તપાસ હાથ ધરી છે.

## શબ્દાવલી - ૫૫૮૦

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ■ | ૩ | ૪ | ૫ |
| ૬ | | ■ | ■ | ૭ | | | |
| ૮ | | ૯ | | ■ | | ■ | ■ |
| ■ | ૧૦ | | ■ | ૧૧ | | | ૧૨ |
| ૧૩ | ■ | ૧૪ | ૧૫ | | | ■ | |
| ૧૬ | ૧૭ | | | ■ | ■ | ૧૮ | |
| ૧૯ | | ■ | ■ | ૨૦ | | | ■ |
| ૨૧ | | | ■ | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. છુટાછેડા, તલાક (૪)
૩. દેવું, કર્જ (૩)
૬. ન્યાયાધીસ (૨)
૭. પાસુ, પડખું (૪)
૮. અમુક મુદતે આપવાની રકમ (૪)
૧૦. ઓછું પ્રકાશિત (૨)
૧૧. અણસમજુ (૪).
૧૪. બરતરફી, રજા (૪)
૧૬. બારાક્ષરી (૪)
૧૮. બટેકા-ગાજર-સુરણ વગેરે... કહેવાય (૨)
૧૯. આગ, અગ્નિ (૨)
૨૦. અસ્થિ (૩)
૨૧. તિખારો (૩)
૨૨. વાળની સેર (૨)

### ઊભી ચાવી

૧. વધારાના (૩)
૨. રાજાઇ, રજવાડાનું (૪)
૩. સરદાર વલ્લભભાઇનું જન્મસ્થળ (૫)
૪. અવાજ (૨)
૫. તરત (૨)
૯. એક ફળ (૪)
૧૧. વિનાશ (૨)
૧૨. ઉગ્ર, તરત સળગી ઊઠે તેવું (૩)
૧૩. ભક્તિ, ઉપાસના (૪)
૧૫. વગર વિયાયેલી ભેંશ (૨)
૧૭. મંદોદરીના પતિ (૩)
૧૮. હાડપિંજર (૩)
૨૦. હિંમત (૨)

### શબ્દાવલી ૫૫૭૯ના જવાબ

**આડી ચાવી :-** (૧) નિરાશા (૪) લાજવાબ (૮) રામલીલા (૧૦) નરક (૧૧) નરાધમ (૧૨) માનતા (૧૪) માસ (૧૫) નીર (૧૬) તાલાવેલી (૧૮) કસર (૨૦) રાશન (૨૨) ચોસલા (૨૩) લાગ (૨૪) કરીમ (૨૫) ભણતર

**ઊભી ચાવી :-** (૧) નિરાભિમાની (૨) રામ (૩) શાલીનતા (૫) જનમ (૬) વાર (૭) બકવાસ (૯) લારા (૧૩) નરકેસરી (૧૪) માલીશ (૧૬) તાર (૧૭) વેરાગણ (૧૯) સલામ (૨૧) નજર (૨૨) ચોક (૨૩) લાભ

## કંપની સમાચાર

## ૫ ડિસેમ્બરથી સાબરમતી રિવરફ્રન્ટ પર ત્રિદિવસીય '૧૦મા એક્મા આઈસીટી શો-૨૦૧૪'નો પ્રારંભ

અમદાવાદ કમ્પ્યુટર્સ મર્ચન્ટ એસોસીએશન કે જે ગુજરાતનું વિશાળ આઈસીટી એસોસીએશન છે તેના ટોચના અધિકારીઓએ આજે તેમના આગામી વાર્ષિક શો - "૧૦મા એક્મા આઈસીટી શો-૨૦૧૪" ના હેતુઓ અને તેની બ્લુપ્રિન્ટ રજુ કરી હતી. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ, આશ્રમ રોડ પર ૫ ડિસેમ્બરથી આયોજિત ત્રણ દિવસીય મેગા પ્રદર્શનમાં દેશભરમાંથી ૧૫૦ અગ્રણી એક્ઝિબિટર્સ સામેલ થશે. આ ત્રિદિવસીય એક્ઝિબિશનનું સંચાલન ક્રિસિલ રેટેડ કંપની આકાર એક્ઝિબિશન પ્રા.લિ. દ્વારા કરવામાં આવશે. આગામી નેક્સ્ટ જનરેશન "૧૦મા એક્મા આઈસીટી શો-૨૦૧૪ અંગે એક્માના પ્રમુખ કિશોર નાગેચાએ જણાવ્યું હતું, 'આજે એક્મા ભારતનું સૌથી સક્રિય અને આક્રમક આઈસીટી એસોસીએશન બની ચૂક્યુ છે, જેમાં ૩૫૦થી વધુ સભ્યો વર્ષે રૂ. ૨૦૦૦ કરોડથી વધુના બિઝનેસનું યોગદાન આપે છે અને ૨૦૧૫ સુધીમાં રૂ. ૫૦૦૦ કરોડ પ્રોજેક્ટ કરશે. અમે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય માર્કેટમાં જાગૃતિ રાજ્યના પ્રોફાઈલમાં વધારો કરવા અને આઈટી અને હાર્ડવેરના અગ્રણીઓને ગુજરાતમાં આકર્ષવા માટે પ્રયાસ કરી રહ્યાં છીએ. ભારતમાં ગુજરાતને આઈટી હબનું સ્થાન આપવાના હેતુથી અને ગુજરાતને એક આઈટી હબ તરીકે ઓળખ મળે એ પ્રસ્થાપિત કરવા પ્રયાસો કરી રહ્યાં છીએ. અમારા ૧૦મા એક્મા આઈટી શો-૨૦૧૪ એ દિશામાં લેવાયેલું એક કદમ છે જેનું ઉદઘાટન ગુજરાત સરકારના માનનીય સાયન્સ અને ટેકનોલોજી મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલના હસ્તે કરવામાં આવશે. શ્રી ગોવિંદભાઈ ૫ ડિસેમ્બર, ૨૦૧૪ના રોડ સાંજે ૫ વાગ્યે સંબોધન કરશે અને રાજ્યની આઈટી ઈન્ડસ્ટ્રી સંબંધિત નીતિઓ અને પ્લાન્સ વિશે તેમજ તેના ભાવિ વિશે વાત કરશે.'

એકમાના જનરલ સેક્રેટરી હિરેન શાહે જણાવ્યું હતું, 'નેક્સ્ટ જનરેશન ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજીના પડકારોને સમજવા તથા ગ્રાહકો સાથેના સંબંધો સર્જવા અને જાળવવા માટે અમે છેલ્લા ૧૦ વર્ષથી એકમા આઈસીટી શોનું અસરકારક માધ્યમ તરીકે આયોજન કરી રહ્યાં છીએ. આ વર્ષે પણ અમે ૧૦૦૦થી વધુ પ્રોડક્ટસ પ્રદર્શિત કરીશું અને અગાઉના શોની જેમ તમામ અગ્રણી આઈટી બ્રાન્ડ્સ આ વર્ષે યોજાનારા '૧૦મા એક્મા આઈસીટી શો-૨૦૧૪' માં સામેલ થશે.'

જ્યારે આઈસીટી શોના ચેરમેન આર. જી. પટેલે કહ્યુ હતું, 'અમે અમાર તમામ એક્ઝિબિટર્સ અને મીડિયાના મિત્રોનો તેમના સતત સહયોગ બદલ આભાર માનીએ છીએ જેના દ્વારા અમે અમદાવાદમાં આઈસીટી ઈન્ડસ્ટ્રીનો એક સૌથી વિશાળ શોનું આયોજન કરી રહ્યાં છીએ. સમગ્ર એક્ઝિબિશન ૧૦૦૦૦૦ સ્કવેર ફિટથી વધુ જગ્યામાં યોજાશે અને તેમાં ૨૫૦૦૦થી વધુ મુલાકાતીઓના આગમનની અપેક્ષા છે. આ વર્ષે અમે એક્ઝિબિટર્સ દ્વારા સુંદર પ્રતિસાદ મળ્યો છે, જેમાં અગ્રણી બ્રાન્ડસ પ્રત્યક્ષ કે તેમના પાર્ટનર્સ સાથે આ શોમાં સામેલ છે. અમે આ ઈન્ડસ્ટ્રીના નેક્સ્ટ જનરેશન પડકારો અંગે ૩ દિવસના એક્ઝિબિશનમાં ફેડરેશન ઓફ ઈન્ફોર્મેશન ટેકનોલોજી એસોસીએશનની કોન્ફરન્સનું આયોજન પણ કર્યું છે.

## ટોકરીયામાં તબેલાની આડમાં ચાલતા કતલખાના કેસમાં અમદાવાદના બે કસાઈઓ સબજેલના હવાલે

પાલનપુર તાલુકાના ટોકરીયા ગામની સીમમાં ગત સપ્તાહે એક તબેલામાં ગેરકાયદેસર ચાલતા કતલખાનાનો પર્દાફાશ થવા પામ્યો હતો. બાતમીને આધારે પોલીસે રેડ કરતા કતલ કરેલા ગૌધન સહીત ૩ આરોપીઓ ઝડપાયા હતા. ૩ બળદ અને ૨ ગાયને જીવતી બચાવી લેવામાં પોલીસને સફળતા મળી હતી. ઝડપાયેલા ૩ આરોપીઓના પોલીસે ૩ દિવસના રીમાન્ડ મેળવ્યા હતા. જે રીમાન્ડની અવધિ પુરી થતા તેઓને કોર્ટમાં રજુ કરાયા હતા. જયાં ટોકરીયા ગામના આરોપી ઈરફાન અબ્દુલભાઈ શેરસીયાને જામીન મળી ગયા હતા જ્યારે અમદાવાદના બંને આરોપીઓ મજબુર કાળુભાઈ શેખ (રહે. જુહાપુરા) અને ઝાકીર શેખ મહમંદ શેખ (રહે. દરિયાપુર)ને સબજેલના હવાલે કરાયા હતા.

## વચગાળાની રાહત

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉચ્ચ પગાર ધોરણ કે પ્રમોશન આપી ન શકાય. તેવા નિયમો ગેરબંધારણીય ઠરાવવા હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. આ રીટ અરજી સંદર્ભે મુખ્ય ન્યાયમૂર્તિ વી.એમ. સહાય તથા ન્યાયમૂર્તિ આર.પી. ઢોબરીયાએ અરજદારોની રીટ દાખલ કરવાનો આદેશ કર્યો છે. હાઈકોર્ટે વચગાળાના મનાઈ હૂકમ સ્વરૂપે વડોદરા એસ.આર.પી.એફ. ગ્રૂપ-૯ ના સેનાપતિને એવો આદેશ ફરમાવ્યો છે કે અરજદારો સી.સી.સી. પરીક્ષા આપી ન શકવાના કારણે કે પાસ નહી કરી હોવાથી તેમની પાયરી ઉતાર કરવા કે નોકરીમાંથી આ કારણોસર છૂટા કરવા નહી તેવો વચગાળાની રાહત ફરમાવી છે. જ્યારે આ કેસની આખરી સુનાવણી આગામી તા. ૭ જાન્યુઆરી-૨૦૧૫ ના રોજ કરવા આદેશ કર્યો છે. આ કેસમાં અરજદારોના વકીલ તરીકે જિત જયંત ભટ્ટ, જયંત પ્રેમશંકર ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

## ભવ્ય થીમપાર્ક બનશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન મહાત્મા મંદિરના કાર્યક્રમ ઉપરાંત હેલીપેડ મેદાન ખાતે ભવ્ય એક્સ્પો તેમજ પ્રવાસી ભારતીય દિવસના ઉપલક્ષમાં વિશેષરૂપે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વાઈબ્રન્ટ સમિટ, પ્રવાસી ભારતીય દિવસ, પ્લાન્ટ એક્સો અને ઈન્ટરનેશનલ કાઈટ ફેસ્ટીવલને અનુલક્ષી સરકાર દ્વારા બે થીમ પાર્ક વિકસાવવાનો નિર્ણય લીધો છે. અડાલજની વાવ તેમજ સાયન્સ સીટી ખાતે હંગામી ધોરણે બે વિશાળ થીમપાર્ક તૈયાર કરવામાં આવશે. થીમ આધારિત પાર્ક પણ વાઈબ્રન્ટના મુલાકાતીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બનશે.

## જાહેર નિવિદા

કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, બ્લોક નં.૮, પ્રથમ માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગુજરાત રાજ્ય, ગાંધીનગરને ઝેરોક્ષની કામગીરી સબબ રસ ધરાવતી પેઢીઓ તરફથી ભાવપત્રકો બંધ કવરમાં મંગાવવામાં આવે છે. ભાવપત્રક તારીખ : ૨૩/૧૨/૨૦૧૪ સુધીમાં મોકલી આપવા ત્યાર બાદ આવેલ ભાવપત્રક સ્વીકારવામાં આવશે નહીં. રજીસ્ટર એ.ડી. / સ્પીડ પોસ્ટથી મળી જાય તે રીતે મોકલવા. કવર ઉપર 'ઝેરોક્ષની કામગીરીના ભાવપત્રક' તેવું લખવાનું રહેશે. આવેલ ભાવપત્રક રદ કરવાના અબાધિત અધિકાર કચેરીનો રહેશે અને તે અંગેના કારણો દર્શાવવામાં આવશે નહીં.

કમિશનર
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

માહિતી/૧૮૦૫/૨૦૧૪-૧૫